# Inaugural launch of online Pre-departure Orientation Training Programme

April 07, 2021

## ઓનલાઈન પ્રિ-ઓરિએન્ટેશનટ્રેનીંગ પ્રોગ્રામ શુભારંભનું ઉદઘાટન

એપ્રિલ 07, 2021

PDOT કેન્દ્રો ખાતે દેશાંતર કરતાં કામદારો માટે સૌ પ્રથમ વખત ઓનલાઈન પ્રિ-ડિપાર્ચર ઓરિએન્ટેશન ટ્રેનીંગ (PDOT) પ્રોગ્રામની આજે પૂરક વાસ્તવિકરૂપ તાલીમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. પ્રોટેક્ટર ઓફ ઈમીગ્રાન્ટ્સ (POE), મુંબઈ અને અન્ય POEઓના સહયોગમાં વિદેશી બાબતોના મંત્રાલયે કોવિડ પ્રતિબંધનો અને ટેક્નોલૉજીનો લાભ લેવાનું ધ્યાનમાં રાખીને આ પહેલ કદમ કરી હતી. PDOT કોવિડ પ્રતિબંધો હળવા બનાવ્યા પછી પણ સંભવિત દેશાંતર કરનાર વ્યક્તિઓ, જેઓ તાલીમમાં જાતે હાજરી આપવાની સ્થિતિમાં નથી, તેઓને સુવિધા આપવા અને તેમની પહોંચ વિસ્તારવા ચાલુ રહેશે.

શ્રી સંજય ભટ્ટાચાર્ય, સચિવ (CPV અને OIA) એ ભાગ લેનારાઓને સંબોધિત કર્યા હતા અને PDO તાલીમની સલામત અને કાનૂની દેશાંતરની ચોકકસાઈ રહે તેની અગત્યતા પર ભાર મૂક્યો હતો. સંભવિત દેશાંતર કરનાર વ્યક્તિઓ જાતે અથવા તો ઓનલાઈન જેમને PDOT કેન્દ્રો સુધી લાંબી મુસાફરી કરવાની જરૂર પડે છે તેઓ બેમાંથી એકમાં ભાગ લેવાની પસંદગી કરી શકે છે. તેઓએ જણાવ્યુ હતું કે PDO ટ્રેનીંગ દેશાંતર કરનાર કામદારોને સંસ્કૃતિ, ભાષા અને સલામતી અને સુરક્ષાની ખાતરી રહે તે માટે ગંતવ્ય દેશના નિયમનો મદદરૂપ બનશે. આગળ પર, આ કાર્યક્રમે સરકાર દ્વારા લેવાયેલા કલ્યાણકારી પગલાઓ વિષે જાણવાની તક આપી હતી, જેવા કે ઈંડિયન કૉમ્યુનિટી વેલ્ફેર ફંડ (ICWF). પ્રવાસી ભારતીય વીમા યોજના (PBVY), ઈ-માઈગ્રેટ પોર્ટલ, MADAD પોર્ટલ, પ્રવાસી ભારતીય સહાયક કેન્દ્રો(PBSK) અને ભારતીય એલચી કચેરી અને દૂતાવાસ કચેરીની 24 x 7 હેલ્પ લાઈન્સ

બધા POEઓ અને NSDCઓ રાજ્ય સરકાર, ભરતી અધિકારીઓ (RA) અને PDOT કેન્દ્રો આ પહેલ કદમીને આગળ લઈ જવા તીવ્ર ગતિથી કામમાં લાગી ગયા છે જેથી વધુમાં વધુ સંભવિત દેશાંતર કરનાર વ્યક્તિઓ તેમની રવાનગી પહેલા આ તાલીમ મેળવે. POE મુંબઈ દ્વારા એકદમ સુધારેલ મોડ્યુલમાં સંભવિત દેશાંતર કરનારાઓએ, બન્ને રીતે, જાતે અને ઓનલાઈન હાજરી આપી હતી તથા માઈગ્રેશન સાયકલના બધા હિતધારકોએ હાજરી આપી હતી. મંત્રાલયને વિશ્વાસ છે કે આ પહેલ કદમી સંભવિત દેશાંતર કરનાર વ્યક્તિઓને ઉત્તમ કૌશલ્ય પૂરું પાડશે અને તેમને જેવા તેઓ દેશાંતરનો લાંબો પ્રવાસ હવાઈ જહાજ દ્વારા શરૂ કરે તેવા જ વધુ સશક્ત બનાવશે.

**ન્યૂ દિલ્હી**

એપ્રિલ 07, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.